

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## મેઘરજ ખાતે આઈશર અને જીપ વચ્ચે અકસ્માતમાં ૨ ના મોત

અરવલ્લી જીલ્લાના મેઘરજ ખાતે આવેલ બેડદ પાટીયા નજીક આજે આઈસર અને જીપ વચ્ચે ધડાકાભેર ગમખ્વાર અકસ્માત થતાં આ અકસ્માત કુલ ૧૨ લોકો ઘાયલ થયા હતા. જયારે બે જણાનુ ઘટના સ્થળ પર જ કમકમાટી ભર્યુ મોત નીપજયુ હતુ. મેઘરજ તરફથી આવતી આઈશર અને મોડાસા તરફથી આવતી પસેન્જર જીપ વચચે અકસ્માત થયો હતો અને જીપના ફુરચે ફુરચા ઉડી ગયા હતા અને જીપમાં સવાર બે લોકોના ઘટના સ્થળ પર જ કમકમાટી ભર્યા મૃત્યુ નીપજયા હતા. આ તમામ ઘાયલોને ૧૦૮ એમ્બયુલન્સ દ્વારા સારવાર અર્થે મોડાસાની સાર્વજનીક હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયારે આ અકસ્માત એટલો બધો ગમખ્વાર હતો કે અકસ્માતનો અવાજ સાંભળીને લોકોના ટોળા ઘટના સ્થળ પર દોડી આવ્યા હતા અને ઘાયલોની મદદ કરવા દોડી આવ્યા હતા.

# મોડાસા તાલુકાની ગલસુન્દ્રા પ્રાથમિક શાળાના બાળકો છેલ્લા ત્રણ મહિનાથી પાઠયપુસ્તકોથી વંચિત


## બાળકોને ભણવુ છે પણ પુસ્તકો જ નથી

મોડાસા તા.૧૨

ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે રાજયમાં શિક્ષણની ગુણવતા સુધારવા માટે તેમજ શિક્ષણનુ નવીનીકરણ કરવા માટે કરોડો રૂપીયાનો ખર્ચ કરવામાં આવે છે. ત્યારે મોડાસા તાલુકા માં આવેલ ગલસુન્દ્રા પ્રાથમીક શાળાના બાળકોને છેલ્લા ત્રણ મહિનાથી નવુ શૈક્ષણીક સત્ર ચાલુ થયુ હોવા છતા હજુ પણ ૭૫ ટકા બાળકો ચોપડીઓ વિના અભ્યાસ કરે છે.

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર રાજય સરકાર દ્વારા દર વર્ષે કરોડો રૂપીયાનો ખર્ચો કરીને વાજતે વાજતે પ્રવેશોત્સવ ઉજવામાં આવે છે અને શિક્ષણ ઉપર ભાર મુકવામાં આવે છે. ત્યારે મોડાસા શહેરથી ૧૫ કી.મી.ના અંતરે આવેલ ગલસુન્દ્રા ગામે ધો.૧ થી ૬ની પ્રથમીક શાળા આવેલ છે જયાં ગામમાં આર્થીક રીતે પછાત જ્ઞાતિના લોકો વસવાટ કરે છે અને પોતાના બાળકોને શાળાએ મોકલે છે. પરંતુ આ શાળામાં ચાલુ વર્ષે સરકાર દ્વારા અભ્યાસ માટે મળતા પુસ્તકો હજુ સુધી મળ્યા નથી દજેના કારણે સ્કુલમાં ભણતા બાળકોનુ ભાવી અંધકારમય બન્યુ છે. જયારે બીજી બાજુ રાજય સરકાર દ્વારા હાલમાં જ શિક્ષણમાં નવીની કરણ કરવા માટે ધો ૧થી ૭ માં સેમેસ્ટર પદ્ધતિની પ્રથા દાખલ કરી છે અને ટુક જ સમયમાં પ્રથમ પરીક્ષા યોજાનાર છે ત્યારે ૭૫ ટકા વિદ્યાર્થીઓ ચોપડીઓ ના મળવાને કારણે અભ્યાસ કરી શકતા નથી. જયારે આ શાળાના આચર્યશ્રી સુથારનો સંપક કરતાં તેમણે જણાવ્યુ હતુ કે મે તાલુકા કક્ષાએ લેખીત અને મૌખીક રીતે રજુઆત કરી પુરતા પાઠય પુસ્તકોની માંગણી કરેલ છે પરંતુ હજુ સુધી પાઠ્ય પુસ્તક મળ્યા નથી તો શું જીલ્લા પ્રાથમીક શિક્ષણાધીકારી ત્રીવેદી શું આ અંગે બાળકોને ચોપડીઓની વ્યવસ્થા કરાવી આ બાળકો ના ભાવીને અંધકારમય થતું બચાવશે ખરા...





(તસવીર : સમીર બલોચ, મોડાસા)



પાલનપુર શહેરમાં થોડાક દિવસો અગાઉ બાલાજી સીટીમાં રહેતા મહિલા હોમગાર્ડના મકાનમાં ચોરી થઈ હતી. જેમાં તેમના ઘરેથી આશરે ૭૦ હજારનો મુદામાલ ચોરાયો હતો. આ ઘટના બાદ પાલનપુરના હોમગાર્ડ યુનિટ દ્વારા સાથી હોમગાર્ડ મહિલાને મદદરૂપ થવાની ભાવનાથી તમામ હોમગાર્ડ અધિકારીઓ તેમજ હોમગાર્ડના જવાનોએ ભેગા મળી મહિલા હોમગાર્ડ લતાબેન જયેશભાઈ ધોબીને રૂ. ૫૫૦૧ રૂપિયાની સહાય કરી માનવતાના દર્શન કરાવ્યા છે. આજ રોજ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ગુજરાત હોમગાર્ડ ઈન્સ્પેકટર એન.એસ. જાદવ, ઓફીસર કમાન્ડીંગ એ.ટી. પરમાર, પ્લાટુન કમાન્ડર આર્મર જસવંતસિંહ રાઠોડ, જે.ડી. પરમાર, બી.બી. જાની, મુસ્તાકભાઈ ચૌહાણ, અયુબભાઈ ચૌહાણ અને વસંતભાઈ પરમાર સહિત હોમગાર્ડ જવાનોની ઉપસ્થિતિમાં લતાબેન ધોબીને ૫૫૦૧ રૂપિયાની સહાય આપવામાં આવી હતી.

## પાલનપુરમાં રીક્ષા પલ્ટી ખાતા બે ઘાયલ

પાલનપુર, તા.૧૨

પાલનપુર શહેરના કોઝી વિસ્તારમાં આજ રોજ એક એસ.ટી. બસને ઓવરટેક કરવા જતા એક રીક્ષા ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા રીક્ષા પલટી ખાઈ ગઈ હતી. પાલનપુર શહેરમાં કલ્યાણતંત્ર ભવન સામે આજ રોજ સવારના સુમારે એક એસ.ટી. બસને ઓવરેટક કરવા જતા રીક્ષા નં. જીજે-૮-ઝેડ ૭૩૪૮ના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો અને પેસેન્જર ભરેલી રીક્ષા પલટી ખાઈ ગઈ હતી. આ ઘટનાથી લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા અને ઉપસ્થિત લોકોએ રીક્ષામાંથી પેસેન્જરને બહાર કાઢી રીક્ષા ઉભી કરી હતી. જો કે સર્જાયેલા આ અકસ્માતમાં બે પેસેન્જરને નાની મોટી ઈજાઓ થવા પામી હતી.

## ડીસાનાં એડી. સેસન્સ જજ વી. કે. પૂજારા દ્વારા સગીરા સાથે બળાત્કાર ગુજારનાર આરોપીને દશ વર્ષ શખ્ત કેદની સજા

ડીસા, તા. ૧૨

ડીસા ની ચોથી એડીશનલ કોર્ટ નાં જજ વી. કે. પુજારાએ આજે એક શક્વતી ચુકાદામાં સગીર યુવતી સાથે બળાત્કાર કરનારા એક યુવકને દશ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી છે અને વિવિધ કલમો માં સજા અને દંડ સાથે કુલ રૂપિયા ૨૫ હજારનો દંડ ફટકારેલ છે, આ દંડની રકમમાંથી રૂપિયા ૨૦ હજાર ભોગ બનનાર યુવતીને ચુક્વવા કોર્ટે આદેશ કરેલ છે.

આજથી પંદર માસ અગાઉ ડિસાનાં નહેરુનગર ટેકરા વિસ્તારમાં રહેતી માત્ર ૧૫ વર્ષીય સગીરા જયારે આઈસ્ક્રીમ કોન લેવા જતી હતી, ત્યારે આજ વિસ્તારનાં રમેશજી તરસંગજી ઠાકોર નામના યુવકે તેને ધાકધમકી આપી લલચાવી, ફોસલાવી હતી, અને તે બાદ આ યુવક સગીરાને બનાસ નદી પટમાં લઈ ગયો હતો, એન તેની સાથે રાત્રી સમયે બે વાર બળાત્કાર ગુજાર્યો હતો, જે બાદ આ યુવક સગીરા ને ભીલડી, થરા, સહીત અનેકો જગ્યાએ ધાકધમકી એ ભગાડી ગયો હતો, જોકે તે ઝડપાઈ જતા તેની વિરુદ્ધ ડીસા ઉત્તર પોલીસ માં બળાત્કાર નો કેશ દાખલ થયો હતો,જે બાદ આ કેશ ડીસા ની ચોથી એડીશનલ કોર્ટ નાં જજ વી.કે.પુજારા સમક્ષ ટ્રાયલ પર આવ્યો હતો, જેમાં ફરિયાદ પક્ષ દ્વારા રજુ થયેલા પુરાવા નું પુથ્થક્કરણ અને વિશ્લેષણ બાદ જજ વી. કે. પુજારા એ આરોપી રમેશજી તરસંગજી ઠાકોર ને બળાત્કાર, અપહરણ, ધાકધમકી વિગેરે કેશમાં તકસીરવાર ઠરાવી કલમ-૩૭૬ માં દશ વર્ષની સખ્ત કેદ ની સજા અને રૂપિયા ૨૦ હજાર દંડ અને દંડ ની રકમ ન ભરે તો વધુ ૨ વર્ષ સદી કેદ ની સજા ,કલમ ૩૬૩,૩૬૬-માં દશ વર્ષ ની સજા અને રૂપિયા ૧૦ હજાર દંડ અને જો દંડ ની રકમ ન ભરે તો વધુ ૨ વર્ષ ની સાદી કેદ ની સજા,તેમજ કલમ ૫૦૬(૨) માં એક વર્ષની કેદ અને પાંચ હજાર દંડ અને જો દંડ ની રકમ ન ભરે તો બે માસ ની સાદી કેદ ની સજા ફટકારેલ છે, આ કેશ માં સરકાર તરફે સરકારી વકીલ આર,ડી,જોશી એ આરોપી સામે નિશંક પણે કેશ પુરવાર થતો હોઈ આરોપી ને દાખલા રૂપ સજા આપવા રજૂઆત કરાઈ હતી, જયારે એ.પી.પી.સી. જી. રાજપૂત દ્વારા આ કેશ માં માર્ગદર્શન પૂરું પડયું હતું.

## સ્વાતંત્ર્યદિને તલોદ માર્કેટ યાર્ડમાં વિના મૂલ્યે ડાયાબિટીસ ચેક અપ કેમ્પ

તલોદ, તા.૧૨

તલોદ માર્કેટ યાર્ડ ખેત પેદાશોની લે વેચ સાથે સામાજિક અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યુંછે. આગામી ૬૮મા સ્વાતંત્ર્ય દિને તલોદ માર્કેટયાર્ડમાં ખેડૂતો-વેપારીઓ અને જનતા માટે વિના મૂલ્યે ડાયાબિટીસ ચેક અપ કેમ્પનું આયોજન કરાયેલ છે.

આ અંગેની વિગતો આપતા તલોદ માર્કેટયાર્ડના ચેરમેનશ્રી નરેન્દ્રભાઈ પટેલે જણાવ્યું છે કે તલોદ માર્કેટયાર્ડ ખેડૂતોની સંસ્થા છે. સાથે સાથે સામાજિક જવાબદારીઓ પણ નિભાવવાનો પ્રયત્ન કરાઈ રહ્યો છે. ખેડૂતોની સ્વાસ્થ્યની ચકાસણી કરાવતા નથી તેવા સમયે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના દિવસે વિના મૂલ્યે ડાયાબિટીસ ચેક અપ કેમ્પ રાખેલ છે. લોહી-પેશાબની તપાસ થકી ગંભીર રોગનું નિદાન થાય અને સાચું માર્ગદર્શન મળે તે મુજબનું આયોજન કરેલ છે. સવારે આઠ થી દસ વાગ્યા સુધી યોજાયેલ આ કેમ્પનો લાભ લેવા લોકોને અનુરોધ કરાયો છે.

# પાલનપુર ખાતે ૨ થી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન લશ્કરી ભરતી મેળો યોજાશે

### ૬ઠ્ઠી સપ્ટેમ્બરના રોજ બનાસકાંઠા અને છોટાઉદેપુર જિલ્લાના ઉમેદવારો ભરતી મેળામાં ભાગ લઈ શકશે

પાલનપુર, તા. ૧૨

ભારતીય લશ્કરમાં જોડાઈને ઉજ્જવળ કારકિર્દી બનાવવાની સુવર્ણતક ગુજરાતના યુવાનો માટે ઉપલબ્ધ બની છે. પાલનપુર ખાતે આગામી તા. ૨ થી ૧૩ સપ્ટેમ્બર દરમ્યાન એસ.આર.પી. ગ્રાઉન્ડ પાલનપુર જિ. બનાસકાંઠા ખાતે લશ્કરી ભરતી મેળો યોજાશે. જેમાં સોલ્જર જનરલ ડ્યુટ, સોલ્જર ક્લાર્ક/સ્ટોર કીપર ટેકનિકલ, સોલ્જર ટેકનિકલ અને સોલ્જર ટેકનિકલ (નર્સીંગ આસીસ્ટન્ટ)ની જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે. જેમાં ગુજરાતના તમામ ઉમેદવારો ભાગ લઈ શકે છે.

લાયકાત પ્રમાણે અપરણીત પુરૂષ ઉમેદવાર કે જેની ઉંમર ૨૧ વર્ષથી વધુ ન હોય. ઉમેદવાર ગુજરાતનો રહેવાસી હોવા જોઈએ. ઉમેદવારે શૈક્ષણિક લાયકાત ધો. ૧૦ અને ૧૨ના ઓરીઝનલ ડોક્યુમેન્ટ સાથે રાખવાના રહેશે. ફોટોવાળુ ડોમીસાઈલ સર્ટીફિકેટ, એસ.એસ.સી. અને એચ.એસ.સી.ની માર્કશીટ, સ્કૂલ લીવીંગ સર્ટિફિકેટ, છ માસથી જુનુ ન હોય તેવું ચારિત્ર્ય પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર, એન.સી.સી. સર્ટીફીકેટ જો હોય તો, રાષ્ટ્રીય, રાજ્ય, યુનિવર્સિટી અથવા તો જિલ્લાકક્ષાએ રમતમાં ભાગ લીધેલ હોય તો તેનું સર્ટીફિકેટ, ૧૬ કોપી કલર પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફસ સાથે લાવવાના રહેશે.

સોલ્જર જનરલ ડ્યુટીની જગ્યા માટે ઉંચાઈ ૧૬૮ સેમી., વજન ૫૦ કિ.ગ્રા. અને છાતી ૭૭/૮૨ સેમી તથા ઉંમર ૧૭ ૧/૨ થી ૨૧ વર્ષની હોવી જોઈએ. સોલ્જર ટેકનિકલ, સોલ્જર ટેનિકલ (એવીએન), સોલ્જર ટેકનિકલ (નર્સીંગ આસીસ્ટન્ટ) અને સોલ્જર ક્લાર્ક/સ્ટોર કીપર ટેકનીકલની જગ્યા માટે ઉંચાઈ ૧૬૭ સેમી., વજન ૫૦ કિ.ગ્રા. અને છાતી ૭૭/૮૨ તથા ઉંમર ૧૭ ૧/૨ થી ૨૩ વર્ષની હોવી જોઈએ. ઉમેદવાર શારીરિક અને માનસિક રીતે સંપૂર્ણ તંદુરસ્ત અને સશક્ત હોવા જોઈએ. આ અંગે વધુ જાણકારી ભારતીય આર્મી ભરતીની હેલ્પલાઈન ટેલિફોન નં. - ૦૭૯-૨૨૮૮૬૪૬૪ ઉપર સંપર્ક કરી મેળવી શકાશે.

## ખેડબ્રહ્મામાં જુગાર રમતા ૬ જુગારીયા ઝડપાયા

ખેડબ્રહ્મા શહેરના પીરા તળાવ પાસે જાહેરમાં હાર-જીતનો જુગાર રમતા ૬ જુગારીયાઓને બાતમીના આધારે દરોડો પાડી ઝડપી પાડયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા શહેરના પીરા તળાવ પાસે જાહેરમાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા હોવાની બાતમી ખેડબ્રહ્મા પોલીસને મળતા પોલીસે બાતમીસ્થળે દરોડો પાડયો હતો અને હારજીતનો જુગાર ખેલતા ૬ જુગારીયાઓને ઝડપી પાડયા હતા જુગારીયા પાસેથી પોલીસે જુગાર સાહિત્ય, રોકડ રકમ સહિત ૬ મોબાઈલ મળી કુલ રૂ. ૧૩,૬૧૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. દરોડા દરમિયાન એક જુગારીઓ પોલીસને ચકમો આપી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે તમામ વિરુદ્ધ જુગાર ધારા મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ડીસા લોધા સમાજના યુવાનનું ટૂંકી માંદગી બાદ અવસાન

ડીસા શહેરના રાજપુર લોધાવાસ વિસ્તારમાં રહેતાં લોધા સમાજના અગ્રણી બાબુલાલ દુર્ગાપ્રસાદ લોધાના પુત્ર રાજેશકુમાર બાબુલાલ લોધા ઉર્ફે રાજુનું સોમવારની વહેલી પરોઢે ટૂંકી માંદગી બાદ યુવાન વયે અવસાન થતાં પરિવારજનોમાં આઘાતની લાગણી પ્રસરી જવા પામી છે.



સ્વ. રાજેશ ઉર્ફે રાજુએ ડીસાના જાણીતા જમીન દલાલ રમેશભાઈ લોધા, પોલીસ કોન્સ્ટેબલ ગિરધારીલાલ લોધા અને પત્રકાર કાન્તીલાલ લોધાના નાના ભાઈ થાય છે. રાજેશ ઉર્ફે રાજુનું નાની ઉંમરે અવસાન થતાં પરિવારજનો અને મિત્ર વર્તુળ શોકમાં ગરકાવ થઈ ગયો છે. તેની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં સમાજના લોકો અને શહેરના નાગરીકો જોડાયા હતા. શોકાતુર લોધા પરિવારને પરમાત્મા આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી અભ્યર્થના.



## માલપુર જાયન્ટસ ગૃપ દ્વારા વ્યસન મુકિત અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જિલ્લાના જાયન્ટસ ગૃપ દ્વારા તાજેતરમાં માલપુર ખાતે વ્યસન મુકિત અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત સમાજમાંથી વ્યસન દુર કરવા માટે લોકોને વિવિધ માહિતી આપી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી જયારે જાયન્ટસ ગૃપ અને આગેવાનોની હાજરીમાં માલપુર એસ.ટી. ડેપો ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ ડેપો મેનેજર, કિર્તનભાઈ પટેલ, ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, નિલેષભાઈ જોષી જાયન્ટસ ગૃપના પ્રમુખ સુરેન્દ્રસિંહ રાઠોડ, નવનીતભાઈ પરીખ, જીજ્ઞેશભાઈ ગોર, યોગેશ પંડયા સહિત વિદ્યાર્થીઓ અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને અંદાજે ૨૦૦ જેટલા રોપાઓનું વાવેતર કરી તેનું જતન કરવા સંકલ્પ લેવડાવ્યા હતા. (તસવીર : જય અમીન)

## ખેડબ્રહ્મા પોલીસ દ્વારા રક્ષાબંધનનું પર્વ ઉજવાયું

સાબરકાંઠા જિલ્લા પોલીસ સંચાલિત સુરક્ષા સેતુ સોસાયટી અને ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન દ્વારા રક્ષાબંધન પર્વ પર બસ સ્ટેશન પોલીસ ચોકી પર મહીલા પોલીસ દ્વારા વાહન ચાલકોને હેલમેટ પહેરવા અને સીટ બેલ્ટ બાંધવા અનુરોધ કરી રાખડી બાંધી હતી. આ પ્રસંગે પી.એસ.આઈ. જી.કે. ઈસરાની અને એ.એ. ચૌધરી ઉપસ્થિત રહ્યા હતાં.

## ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળનાં નવપ્રકાશિત વિવાદસર્જક પુસ્તકો અંગે આજે સીડીસીમાં ડિબેટ

વલ્લભ વિદ્યાનગર, ૧૨

ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તાજેતરમાં જ પ્રકાશિત અને રાજ્યની ૪૨ હજાર શાળાઓમાં પૂરક વાંચન માટે વિનામૂલ્યે પાઠવાયેલાં નવ પુસ્તકોના સંપુટ અંગે જાગેલા વિવાદ અંગે ચારુતર વિદ્યામંડળસંચાલિત એચ.એમ.પટેલ કૅરિયર ડૅવલપમેન્ટ સૅન્ટર (સીડીસી)માં આવતીકાલે બુધવાર, ૧૩ ઑગસ્ટના રોજ સાંજના ૪ થી ૬ દરમિયાન ડિબેટનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતની ચિલ્ડ્રન યુનિવર્સિટીના વર્તમાન કુલપતિ અને 'વિદ્યાભારતી'ના પ્રાંતપ્રમુખ રહેલા શ્રી હર્ષદ પ્ર.શાહ અને અમદાવાદના જાણીતા લેખક-અધ્યાપક પ્રા.સંજય શ્રીપાદ ભાવે ઉપરોક્ત પુસ્તકોની તરફેણ અને વિરોધમાં પોતાનાં મંતવ્યો રજૂ કરશે. વરિષ્ઠ પત્રકાર શ્રી જશવંત રાવલના અધ્યક્ષસ્થાને આયોજિત ઉક્ત ચર્ચામાં ચારુતર વિદ્યામંડળની શાળાઓના પ્રભારી માનદ સહમંત્રી ડૉ.એસ.જી.પટેલ અતિથિ વિશેષ તરીકે હાજરી આપશે. કાર્યક્રમમાં રસ ધરાવનાર જાગૃત નાગરિકોને સીડીસીના નિયામક ડૉ.હરિ દેસાઈએ સહભાગી થવા જાહેર નિમંત્રણ પાઠવ્યું છે. ગુજરાતમાં તરફેણ અને વિરોધમાં ચર્ચાની સ્વસ્થ પરંપરા સ્થાપવાના હેતુસર અને લોકશાહી મૂલ્યોને સુદઢ કરવાના સંકલ્પ સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હોવાનું નિયામક ડૉ.દેસાઈએ જણાવ્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦